# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન

## જાહેરખબર ક્રમાંક : ૨૪ થી ૨૬/ ૨૦૨૫-૨૬

## દિવ્યાંગજન ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશ (Special Recruitment Drive)

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓ માટે નીચે જણાવેલ જગ્યાઓ પર **માત્ર દિવ્યાંગજન ઉમેદવારો**થી ભરવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તા:૨૭/૦૨/૨૦૨૬ના રોજ ૨૩.૫૯ કલાક સુધીમાં મળે તે રીતે ફક્ત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| જાહેરખબર ક્રમાંક | જગ્યાનું નામ | આસીસ્ટન્ટ મેનેજર |
|---|---|---|
| ૨૪ | જગ્યાની સંખ્યા | કુલ દિવ્યાંગજન – ૦૧ (એક) |
| | શૈક્ષણિક લાયકાત | ઉમેદવાર કાનુની માન્યતા પ્રાપ્ત યુનિ.નો એમ.બી.એ.ની પદવી ધરાવતો હોવો જોઇએ.<br>અથવા<br>ઓલ ઇન્ડીયા કાઉન્સીલ ઓફ ટેકનીકલ એજ્યુ. એ.આઇ.સી.ટી.ઇ.ની માન્યતા પ્રાપ્ત સંસ્થાનો બે વર્ષનો પૂર્ણકાલીન પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન બીઝનેસ મેનેજમેન્ટની લાયકાત ધરાવતો હોવો જોઇએ.<br>અથવા<br>ઉમેદવાર ચાર્ટડ એકાઉન્ટન્ટની પદવી ધરાવતો હોવો જોઇએ. |
| | પગારધોરણ | લેવલ – ૯ પે મેટ્રીક્સ રૂ. ૫૩૧૦૦/૧૬૭૮૦૦ ની ગ્રેડમાં બેઝીક + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| | વયમર્યાદા | અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ, સિવાય કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં ફરજ બજાવતા હોય. |
| ૨૫ | **જગ્યાનું નામ** | **ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ** |
| | જગ્યાની સંખ્યા | કુલ દિવ્યાંગજન – ૦૨ (બે) |
| | શૈક્ષણિક લાયકાત | કોઇપણ વિદ્યાશાખાનો સેકન્ડ ક્લાસ સ્નાતક અને સરકારી કે અર્ધસરકારી સંસ્થાનો અથવા સરકારના બોર્ડ / નિગમનો દસ વર્ષનો વહીવટી અનુભવ.<br><br>સરકાર માન્ય સંસ્થામાંથી CCC + કોર્ષ પાસ. |
| | પગારધોરણ | લેવલ - ૮ પે મેટ્રીક્સ રૂ. ૪૪૯૦૦/૧૪૨૪૦૦ ની ગ્રેડમાં બેઝીક + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| | વયમર્યાદા | અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ, સિવાય કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં ફરજ બજાવતા હોય. |

| | | |
|---|---|---|
| ૨૬ | **જગ્યાનું નામ** | **સહાયક જુનીયર ક્લાર્ક** |
| | જગ્યાની સંખ્યા | **કુલ દિવ્યાંગજન – ૩૫ (પાત્રીસ)** |
| | શૈક્ષણિક લાયકાત | (૧) કોઈપણ માન્ય વિદ્યાશાખાના સેકન્ડ કલાસ ગ્રેજયુએટ પાસ<br>(૨) સરકાર માન્ય સંસ્થામાંથી CCC કોર્ષ પાસ. |
| | પગારધોરણ | હાલ ફીક્સ વેતન રૂ. ૨૬,000/- ત્રણ વર્ષ સુધી ત્યારબાદ કામગીરીના મૂલ્યાંકનને ધ્યાને લઈ, લેવલ – ૨ પે મેટ્રીક્સ રૂ. ૧૯૯00/૬૩૨00 ની ગ્રેડમાં બેઝીક + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| | વયમર્યાદા | અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ, સિવાય કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં ફરજ બજાવતા હોય. |

**નોંધ : સદરહુ ભરતી ફક્ત દિવ્યાંગજન ઉમેદવારો માટે હોઈ દિવ્યાંગજન સિવાયના કોઈપણ કેટેગરીના ઉમેદવારોએ અરજી કરવાની રહેશે નહિ. અન્યથા તેમની અરજી રદબાતલ ઠરશે. દિવ્યાંગજન સિવાયના કોઈપણ કેટેગરીના ઉમેદવાર અરજી કરશે અને અરજી ફી ભરેલ હશે તો અ.મ્યુ.કો. દ્વારા કોઈ પણ સંજોગોમાં ફી પરત કરવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેશો.**

**-: સી.સી.સી.ની લાયકાત બાબતે :-**

❖ સી.સી.સી. પાસ અંગેની લાયકાત સંદર્ભે: ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય નિયમો) – ૧૯૬૭ના નિયમ-૮(૧-એ)ની જોગવાઇ મુજબ કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારશ્રીના સામન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૦૮ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦- ૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.પ. સાથેના પત્રક – ૧માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરના બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. આ અભ્યાસક્રમ મુજબના કોમ્પ્યુટર વિષયની જાણકારી અંગેનુ કોઇપણ સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં માન્ય યુનિવર્સીટી અથવા સરકાર દ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમાં, ડિગ્રી કે સર્ટીફીકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમાંના અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ – ૧૦ અને ધોરણ – ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો માન્ય રહેશે. આ તબક્કે પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે પરંતુ અજમાયશી સમય દરમ્યાન આ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક રદબાતલ ઠરશે.

❖ રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક તા.૦૧/૦૪/૧૭માં દર્શાવ્યા મુજબના કોમ્પ્યુટર સંબંધિત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને કોઇપણ સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂંક પામેલ કર્મચારી/અધિકારીઓને સી.સી.સી./ સી.સી.સી.+ની પરીક્ષામાંથી મુક્તિ આપવાનું ઠરાવેલ છે.

-:ઉપરોક્ત જગ્યા માટે ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :-

૧. **સ્ટે. કમિટિ ઠરાવ ક્રમાંક: ૬૯૨ તા.૨૯/૦૯/૨૦૨૩ અને મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ ક્રમાંક: ૫૯૭ તા: ૩૦/૧૦/૨૦૨૩ અનુસાર દિવ્યાંગજન વર્ગના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેશે નહીં.**

૨. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજૂ કરવાના રહેશે. પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદ્દબાતલ ગણવામાં આવશે.

૩. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ Upload કરેલ હોય, તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (લેખિત પરીક્ષા / ઇન્ટરવ્યુ / વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે.

૪. એક ઉમેદવાર એક કેડર માટે એક જ અરજી કરી શકશે. એક કેડર માટે એક થી વધુ અરજીના કિસ્સામાં છેલ્લી ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજી જ માન્ય ઠરશે. બાકીની અરજી રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે અને તે ઉપરાંત ભરેલ ફી ના નાણાં પરત મળવાપાત્ર રહેશે નહીં.

૫. ઉંમર, લાયકાત અને અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

૬. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.

૭. જાહેરાતમાં માંગ્યા મુજબની શૈક્ષણિક લાયકાત / ડીગ્રી મેળવ્યા બાદનો જ અનુભવ માન્ય ગણવામાં આવશે. તે પહેલાનો અનુભવ કોઇપણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ) તથા બજાવેલ ફરજોનો પ્રકાર/ મેળવેલ અનુભવની વિગતો સહીત માન્ય સંસ્થાનું ઇન્વર્ડ / આઉટવર્ડ નંબર તથા તારીખ સાથેનું જ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. માત્ર ઓફર લેટર કે એપોઇન્ટમેન્ટ લેટર અનુભવના પુરાવા તરીકે અમાન્ય ગણાશે પરંતુ જો તેની સાથે વખતોવખત સંસ્થા દ્વારા અપાયેલ ઇજાફા કે પ્રમોશનના હુકમ, પગાર સંબંધિત પુરાવા કે અન્ય આધારભૂત ગણી શકાય તેવા પુરાવા રજૂ કર્યેથી, તેની પૂરતી ચકાસણી કર્યા બાદ યોગ્ય જણાયેથી આવો અનુભવ માન્ય ગણવામાં આવશે.

૮. અ.મ્યુ.કો.માં ફરજ બજાવતા કર્મચારીએ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે છેલ્લા માસની પગારસ્લીપ રજૂ કરવાની રહેશે. આ ઉપરાંત જો એક કરતાં વધુ હોદ્દા ઉપર ફરજ બજાવેલ હોય તો પ્રમોશન કે સિલેક્શનના હુકમની નકલ અવશ્યપણે રજૂ કરવાની રહેશે.

૯. મૂળ ગુજરાતના હોય તેવા અનામત જાતિના ઉમેદવારે અનામત જગ્યા ઉપર કે બિનઅનામત જગ્યા ઉપર અરજી કરવાની છે કે કેમ ? તે ઓનલાઇન અરજી ફોર્મમાં સ્પષ્ટ જણાવવાનું રહેશે અને મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારો બિનઅનામત જગ્યા ઉપર અરજી કરશે તો આવા ઉમેદવારોને બિનઅનામત જગ્યા ઉપર ઉમેદવારોને લાગુ પડતા ધારા-ધોરણો લાગુ પડશે.

૧૦. રોસ્ટર અભિપ્રાય મુજબ જણાવેલ અનામત જાતિના ઉમેદવારે તેની જાતિ અંગેનું (અનુ. જાતિ, અનુ જનજતિ, સા.શૈ.પ.વ તથા આર્થિક રીતે નબળા વર્ગ (EWS/આ.ન.વ.) ગુજરાત સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ નમૂના મુજબનું સરકારશ્રીના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. <u>સદર પ્રમાણપત્ર ક્રમાંક અને તારીખ ઓનલાઈન અરજીમાં અવશ્યપણે દર્શાવવાના રહેશે.</u>

૧૧. રોસ્ટર અભિપ્રાય મુજબ જણાવેલ અનામત જાતિના ઉમેદવારે મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થિક રીતે નબળા વર્ગ (EWS/આ.ન.વ.) ના ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે. ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્ય દ્વારા ઇસ્યુ કરેલ ઉપરોક્ત જાતિના સર્ટી.ને આધારે અનામત અંગેનો કોઇ પણ લાભ મળવાપાત્ર રહેશે નહી.

૧૨. નિયમાનુસાર મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.

૧૩. મહિલા ઉમેદવાર જો તેમના પિતાને બદલે પતિના નામે અરજી કરવા માંગતા હોય તો તેમણે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ફરજીયાતપણે રજૂ કરવાની રહેશે.

૧૪. **<u>અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-</u>**

- મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજી પત્રકમાં અચૂક આપવી.
- ઉમેદવારે અરજી પત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં
- અનામત વર્ગનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહીં થતો હોય તો જ મળવા પાત્ર થશે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનુ અંગેનું સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગનું તા-૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સસપ / ૧૧૦૯ / ૧૬૬૩ / અ થી રાજ્ય સરકારની નોકરી માટે નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરીશિષ્ટ-ક' મુજબનું અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરીશિષ્ટ-૪' મુજબ નું નોન ક્રીમીલેયર સર્ટીફીકેટ તા:૦૧/૦૪/૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૨૭/૦૨/૨૦૨૬ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા-૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર' ની મહત્તમ અવધિ (VALIDITY) ઈશ્યુ થયા - વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષની રહેશે પરંતુ આવુ પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઈશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં.
- પરિણિત મહીલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિના આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તેઓનું ઉન્નત વર્ગનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં.
- ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું

પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

- ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ ત્રણ નાણાંકીય વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા / વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને જાણ કરવાની રહેશે. ઉમેદવાર / માતા-પિતા / વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યકિતગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઈડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩.૦૯.૨૦૧૯ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઈસ્યુ (ISSUE) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઈ.ડબલ્યુ.એસ/ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઈસ્યુ થયેલું હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.
- સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય.
- ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

૧૫. દિવ્યાંગજન ઉમેદવારો માટે-:

- સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ ૨ તા.૨૦/૧૧/૨૦૨૪ મુજબ દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારોને જ દિવ્યાંગજન તરીકે અરજી કરવા અંગેના લાભ મળવા પાત્ર રહેશે. દિવ્યાંગજન ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે નીચે દર્શાવેલ પત્રક મુજબ (A) થી (D & E) પૈકી કઈ દિવ્યાંગતા છે. તે દર્શાવવાનું રહેશે.

❖ **આસી. મેનેજરની જગ્યા માટેનું દિવ્યાંગજન અનામત પત્રક**

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર (રાજપત્ર Page 1660 Sr.60) | દિવ્યાંગજન અનામતથી ભરવાની થતી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) |
| A | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | B, LV | ૦૧ |
| B | બધિર અને ઓછું સાંભળનાર | D, HH | ૦૦ |
| C | મગજના લકવા સહીતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસીડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ સહિતની હલન ચલન વિકલાંગતા | OA, BA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV, MDy, SD, SI. | ૦૦ |
| D & E | (D) સ્વલીનતા (autism), બૌધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી.<br>(E) બહેરાશ-અંધત્વ સહીતની ખંડ (a) થી (d) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ | SLD, MI, MD involving (a) to (d) above | ૦૦ |
| | **દિવ્યાંગજન અનામતથી ભરવાની થતી કુલ સંખ્યા** | | **૦૧** |

❖ **ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા માટેનું દિવ્યાંગજન અનામત પત્રક**

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર (રાજપત્ર Page 1833 Sr.33) | દિવ્યાંગજન અનામતથી ભરવાની થતી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) |
| A | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | B, LV | ૦૧ |
| B | બધિર અને ઓછું સાંભળનાર | D, HH | ૦૧ |
| C | મગજના લકવા સહીતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસીડ એટેકનો ભોગ બનેલ | OA, OL, BL, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI. | ૦૦ |

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર (રાજપત્ર Page 1833 Sr.33) | દિવ્યાંગજન અનામતથી ભરવાની થતી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| | અને નબળા સ્નાયુઓ સહિતની હલન ચલન વિકલાંગતા | | |
| D & E | (D) સ્વલીનતા (autism), બૌધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી.<br>(E) બહેરાશ-અંધત્વ સહીતની ખંડ (a) થી (d) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ | SLD, MI, MD involving (a) to (d) above | ૦૦ |
| દિવ્યાંગજન અનામતથી ભરવાની થતી કુલ સંખ્યા | | | ૦૨ |

❖ **સહાયક જુનીયર કલાર્કની જગ્યા માટેનું દિવ્યાંગજન અનામત પત્રક**

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર (રાજપત્ર Page 1833 Sr.33) | દિવ્યાંગજન અનામતથી ભરવાની થતી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) |
| A | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | B, LV | ૧૧ |
| B | બધિર અને ઓછું સાંભળનાર | D, HH | ૧૧ |
| C | મગજના લકવા સહીતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસીડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ સહિતની હલન ચલન વિકલાંગતા | OA, OL, BA, BL, OAL, CP, LC, Dw, AAV, SD, SI. | 03 |
| D & E | (D) સ્વલીનતા (autism), બૌધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી.<br>(E) બહેરાશ-અંધત્વ સહીતની ખંડ (a) થી (d) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ | SLD, MI, MD involving (a) to (d) above | ૧૦ |
| દિવ્યાંગજન અનામતથી ભરવાની થતી કુલ સંખ્યા | | | ૩૫ |

(**ABBREVIATIONS USED :** B=Blind, LV= Low Vision, D=Deaf, HH=Hard of Hearing, OA= One Arm, BA=Both Arms, OL=One Leg, , BL=Both Legs, OAL=One Arm and one Leg, CP=Cerebral Palsy, LC=Leprosy Cured, Dw=Dwarfism AAV=Acid Attack Victims, MDY=Muscular Dystrophy, SD=Spinal Deformity, SI=Spinal Injury, ASD (M)=Autism Spectrum Disorder (M=Mild, MoD=Moderate), SLD=Specific Learning Disability, MI=Mental illness, MD=Multiple Disabilities.)

- દિવ્યાંગજન ઉમેદવારોની અનામત રાખેલ જગ્યાઓ સામે પસંદગી પામેલ ઉમેદવારોને જે તે કેટેગરી (જનરલ, આ.ન.વ., સા.શૈ.પ.વર્ગ, અનુ.જાતિ, અનુ.જનજાતિ) માં સમાવવાના રહેશે.
- સદર જગ્યા અંગે દિવ્યાંગતાના પ્રકાર ઉપરોક્ત પત્રકના કોલમ નં-૦૩ તેમજ તેની કેટેગરી (A, B, C, D & E) ની સંખ્યા કોલમ નં-૦૪ મુજબ દિવ્યાંગ અનામત અંગેના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ ૨ તા. ૨૦/૧૧/૨૦૨૪ મુજબ દિવ્યાંગજન ઉમેદવારો ભરવાના રહેશે.
- ઉમેદવાર ૪૦% કે તેથી વધુ શારીરીક અશક્તતા (દિવ્યાંગ) ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ રજુ કરેલ હશે તો જ તેવા ઉમેદવારને દિવ્યાંગજન ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદામાં અને અનામતનો લાભ મળવાપાત્ર થશે
- નિયમાનુસાર દિવ્યાંગજન ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં દસ(૧૦) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૨૪ના પત્ર ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ (ભાગ-૧) ને આધિન રાજ્ય સરકાર હેઠળની દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામતની જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝૂંબેશ (Special Recruitment Drive) હેઠળ માત્ર દિવ્યાંગજન ઉમેદવારોથી ભરવાની રહેતી હોઇ, કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુ. જાતિ અને અનુ. જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) આધારીત અનામતની જોગવાઇઓ આ ભરતી પ્રક્રીયા માટે લાગુ પાડવાની રહેતી નથી. ભરતી પ્રક્રીયાના અંતે લાયક ઠરેલ ઉમેદવારો તેઓની સંબંધિત જે તે કેટેગરીની જગ્યાઓ સામે સરભર કરવામાં આવશે.

૧૬. રોસ્ટર અભિપ્રાય મુજબ દરેક કેટેગરીના ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદા મળવાપાત્ર તમામ પ્રકારની છુટછાટ સાથે કોઇપણ સંજોગોમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે ૪૫ વર્ષથી વધુ હોવી જોઇએ નહી, સિવાય કે અ.મ્યુ.કો.ની નોકરીમાં હોય.

૧૭. ઉમેદવારે ઓનલાઇન અરજીમાં જે જાતિ (કેટેગરી) દર્શાવેલ હશે તેમાં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

૧૮. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય, મોબાઈલ

સર્વિસ બંધ હોય તેવા ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહી.

૧૯. સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઇ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. જેની નોંધ લેવી. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in જોતા રહેવા વિનંતિ છે.

૨૦. ઉમેદવારોએ લેખિત પરીક્ષા / ઇન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.

૨૧. પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટાફ સિલેક્શન કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૨૨. પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.

૨૩. ઉમેદવારે ઓનલાઇન અરજીમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ્દ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ્દ કરવામાં આવશે.

૨૪. સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટિના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

૨૫. આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૨૬. સદર ખાલી પડેલ જગ્યાઓની ભરતી પ્રક્રીયા જે તે સમયના રોસ્ટર નિયમને આધીન કરવામાં આવશે.

૨૭. જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, તમામ ઉમેદવારોને આગળની ભરતી પ્રક્રિયા માટે વિચારણામાં લેવા કે મેરીટના આધારે શોર્ટલીસ્ટ કરી આગળની ભરતી પ્રક્રીયા / લેખિત પરીક્ષા / ઓનલાઇન પરીક્ષા માટે વિચારણામાં લેવા તે અંગે માન. મ્યુનિસિપલ

કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે. વધુમાં, લેખિત પરીક્ષા લેવાના સંજોગોમાં લેવાની થતી સંભવિત લેખિત / ઓનલાઇન પરીક્ષા ખ્યાતનામ સંસ્થા મારફતે જરૂર જણાયે એક કરતાં વધુ સેશનમાં / જુદા જુદા પ્રશ્નપત્રો અંતર્ગત વિભિન્ન પ્રશ્નોના સેટ મારફતે યોજવામાં આવશે. જે બાબતે ઉમેદવારો કોઇ તકરાર કરી શકશે નહી.

૨૮. જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, આગળની ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારોને માન્ય ગણવા અંગે નીતી નક્કી કરવા મ્યુનિ. કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૨૯. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોની જગ્યાઓ પર સીધી ભરતીથી નિમણુંકો ફીક્સ પગારના સહાયક અજમાયશી તરીકે કરવાનો અમલ રાજ્ય સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તા.૧૬/૦૨/૨૦૦૬ની યોજનાની જોગવાઇઓને ધ્યાને લઇ સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ નં. ૩૧૮ તા.૦૯/૦૬/૨૦૦૬ તથા મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નં. ૨૧૩ તા.૨૩/૦૬/૨૦૦૬, સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ નં. ૧૨૬૫ તા.૦૭/૧૦/૨૦૧૧ તથા મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નં. ૧૭૬૧ તા.૨૫/૧૧/૨૦૧૧ અને સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ નં. ૨૮૬ તા.૦૮/૦૬/૨૦૧૭ તથા મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નં. ૩૧૩ તા.૨૮/૦૬/૨૦૧૭ થી મળેલ મંજૂરી મુજબ તથા મ્યુ.કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફિસ સરક્યુલર નં. ૩૭, તા.૨૩/૧૦/૨૦૨૩ મુજબ સુધારેલ નવી હયાત ફીક્સ પગારની નિતિ મુજબ પસંદગીથી નિમણુંક પામેલ ઉમેદવારોને જરૂરી શરતો અને બોલીઓ યથાવત રહેશે તથા સરકારશ્રીના વખતો-વખત થતા ફેરફારને આધિન રહેશે.

તા.૧૩/૦૨/૨૦૨૬

**સહી : બંછાનિધિ પાની**
**મ્યુનિસિપલ કમિશનર**

# -: ઓનલાઇન અરજી ફી તથા તેની રસીદ અંગેની સૂચનાઓ :-

## ❖ બિન અનામત વર્ગના અને અનામત જાતિના ઉમેદવારો માટે :

- ઓનલાઈન અરજી કરતી વખતે ફક્ત બિન અનામત વર્ગના તમામ ઉમેદવારોએ અરજી ફી રૂ. ૫૦૦/- અને તથા આ.ન.વ., સા.શૈ.પ.વર્ગ, અનુ. જાતિ, અનુ. જનજાતિના ઉમેદવારોએ અરજીદીઠ રૂ. ૨૫૦/- (અંકે રૂપિયા બસો પચાસ પૂરા) ભરવાની રહેશે.

**દિવ્યાંગ જન વર્ગના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેશે નહીં.**

**સૌ પ્રથમ ઉમેદવારે**

- https://ahmedabadcity.gov.in/AMCWEBREC/HRMS/FrmVacancyDetail.aspx લિંક પર જઈ, જે તે જગ્યા સામે દર્શાવેલ Apply Online પર કલીક કરી, તમામ વિગતો ભરી, અરજી સબમીટ કરવાની રહેશે. ત્યાર બાદ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર પર SMS આવશે. જેમાં ઉમેદવારનો એપ્લીકેશન નંબર દર્શાવેલ હશે.
- ઓનલાઇન અરજી સબમીટ થયેથી અરજી ફી ભરવા માટે સીધી જ એક લિંક ઓપન થશે. જેમાં જગ્યાનું નામ, એપ્લીકેશન નંબર અને જન્મ તારીખ ભરી Submit પર ક્લીક કરવાની રહેશે.

  જો કોઇ કારણોસર પેમેન્ટ લિંક ઓપન ન થાય તો નીચે દર્શાવેલ લિંક પર ક્લિક કરવી.

  https://ahmedabadcity.gov.in/AMCWEBREC/HRMS/frmFeesPayment.aspx

- Submit પર ક્લીક કર્યા બાદ ગેટ વે પસંદ કરી ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અથવા નેટ બેંકીગ થી પેમેન્ટની પ્રક્રીયા પૂર્ણ કરવાની રહેશે.
- મોબાઈલ નંબરમાં પેમેન્ટ સફળ થયાનો મેસેજ આવ્યા બાદ ફરી Recruitment & Results ➡ link Download Receipt માં જઈને ઓનલાઇન અરજીની રસીદ મેળવવાની રહેશે.
- **જો ઉમેદવાર દ્વારા પેમેન્ટની પ્રક્રીયા પૂર્ણ કર્યા બાદ કોઇ કારણોસર પેમેન્ટ સફળ ન થાય તો, ઉમેદવારે ૩ કલાક બાદ જ બીજીવાર પેમેન્ટની પ્રક્રીયા કરવાની રહેશે.**

## ❖ દિવ્યાંગ જનવર્ગના ઉમેદવારો માટે :


- દિવ્યાંગજન વર્ગના ઉમેદવારોએ www.ahmedabadcity.gov.in પર જઈ Recruitment link પર જઈ, જે તે જગ્યા સામે દર્શાવેલ Apply Online પર કલીક કરી, તમામ વિગતો ભરી, અરજી સબમીટ કરવાની રહેશે. ત્યાર બાદ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર પર SMS આવશે. જેમાં ઉમેદવારનો એપ્લીકેશન નંબર દર્શાવેલ હશે.

**SMS મળેથી ફરી Recruitment & Results link ➡ Download Receipt માં જઈને ઓનલાઇન અરજીની રસીદ મેળવવાની રહેશે.**

# User Manual for Recruitment


## **Website Link:** http://ahmedabadcity.gov.in

Click On Recruitment and Result for Apply AMC Vacancies:




After Click on Recruitment and Result the Recruitment Page Are Open Like Below:

For Application Click on Apply Button:





| Sr.No. | Advt No. | Vacancy Name | Details | Vacancy Start Date | Vacancy End Date | Download Receipt | Download Call Letter | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Heritage_03/2023-24 | Assistant Architect | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 2 | Heritage_02/2023-24 | Conservation Architect | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 3 | Heritage 01/2023-24 | Director | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 4 | 17/2023-24 | Zoo Superintendent | View Details | 01/07/2023 09:00:00 | 15/07/2023 17:30:00 | Download Receipt | Download Call Letter | Apply | Modify |
| 5 | 16/2023-24 | MPHW (GUHP) | View Details | 15/05/2023 09:00:00 | 05/06/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 6 | 15/2023-24 | Female Health Worker (GUHP) | View Details | 15/05/2023 09:00:00 | 05/06/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |


After Click on Apply the Application Page Are Open Like below:

**Candidate Details -:** All Field Are Mandatory (*)

Only Enter That Number whose DND Settings Are Off. If The DND Settings Are on Of Your Mobile Number You Are Not Able to Getting OTP Or Messages Regarding This.




2.) **Additional Qualification -:** Click on Add Button to Add Multiple Records.
Note: In result type, if the candidate has Grade or CGPA, then the candidate has to enter equivalent percentage as per their university norms in the percentage column.
3.) **Language Knows -:** Click the Checkboxes to Select the Languages.





## 4.) Work Experience Details -:

- Click on Add Button to Add Record
- Candidate has to select from Current and Previous options.
- Click on Add button to add multiple records.

**After Fill the All Required Details, You Need To check the checkbox of agreement before The Click on Submit Detail Button.**

## 5.) Final Submission -:




**Note: Before** Click **Submit Document Button** You Need to Upload All the Required Document Which Are Mandatory.


- For Document Upload You Need to Choose File Button, And Click View Button to Open Your Document.
  - Upload The Candidate Passport Size Photo and Signature in JPG And PNG Format.
  - For Experience Letter combine all certificates in one PDF.

- After final submission, application number will be generated & candidate will receive confirmation message & application number on their registered mobile no.
  - After that the candidate can print the receipt.
  - Use this application number to reprint the receipt & for further communication.

**If In Case of When User Forget Their Application Number -:**

1.) Click On the Forget Application Id Link

2.) Below page will open after clicking on above link.





**For Getting Your Application Number:**

1. The User Needs to Select Vacancy name and Enter the Register Mobile Number or Email Id and Then Do the Submit.
2. Your Application Id Number Are Send to Register Mobile Number or Email Id.

**Note**: Register Mobile Number and Email Id Are That (where The Candidate Details Was Filled)


**For Modification of Application Before the Time Line You Need to Click on Modify Button for Further Changes.**




| Sr.No. | Advt No. | Vacancy Name | Details | Vacancy Start Date | Vacancy End Date | Download Receipt | Download Call Letter | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Heritage_03/2023-24 | Assistant Architect | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 2 | Heritage_02/2023-24 | Conservation Architect | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 3 | Heritage 01/2023-24 | Director | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 4 | 17/2023-24 | Zoo Superintendent | View Details | 01/07/2023 09:00:00 | 15/07/2023 17:30:00 | Download Receipt | Download Call Letter | Apply | Modify |
| 5 | 16/2023-24 | MPHW (GUHP) | View Details | 15/05/2023 09:00:00 | 05/06/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 6 | 15/2023-24 | Female Health Worker (GUHP) | View Details | 15/05/2023 09:00:00 | 05/06/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |

- Candidate has to select the above-mentioned link for fees payment.

**Below page will open after clicking on above link.**





- In above page Candidate has to select the name of the vacancy from the Vacancy Name Drop Down.
  - Enter the Application Number received on Mobile.
  - Enter Date of Birth and Click the Search Button.

- After Then Click on Pay Fees Payment Button to Procced the Payment.


**Download Receipt of Your Application -:**

You Need to Click on Download Receipt Button.




| Sr.No. | Advt No. | Vacancy Name | Details | Vacancy Start Date | Vacancy End Date | Download Receipt | Download Call Letter | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Heritage_03/2023-24 | Assistant Architect | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 2 | Heritage_02/2023-24 | Conservation Architect | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 3 | Heritage 01/2023-24 | Director | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 4 | 17/2023-24 | Zoo Superintendent | View Details | 01/07/2023 09:00:00 | 15/07/2023 17:30:00 | Download Receipt | Download Call Letter | Apply | Modify |
| 5 | 16/2023-24 | MPHW (GUHP) | View Details | 15/05/2023 09:00:00 | 05/06/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 6 | 15/2023-24 | Female Health Worker (GUHP) | View Details | 15/05/2023 09:00:00 | 05/06/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |

Now below screen will be open for Download Receipt.




- Enter Application Number and Date of Birth to download receipt.